કોઈપણ કિંમત પર સમાચાર

PRGI : GJGUJ/25/A4373

# સાબર રીપોર્ટર ન્યુઝપેપર

WEEKLY સાપ્તાહિક GUJARATI

સહતંત્રી : શીતલ ઠાકર | મો.૭૯૨૭૮ ૭૧૩૬૦
તંત્રી : બાદશાહખાન અજબખાન પઠાણ

SABAR REPORTER NEWSPAPER - EDITOR : BADSHAHKHAN AJABKHAN PATHAN - WWW.SABARREPORTERNEWSPAPER.IN

રજિસ્ટર્ડ સરનામુ 892, મુસ્લિમ વિસ્તાર, મુ.પો.ગંભીરપુરા, તા.ઈડર, જી.સાબરકાંઠા -383430 મો.98986 93985 E MAIL : badshahpathan@gmail.com

તા. ૨૦/૦૪/૨૦૨૬ | અંક નં.: ૧૬ | પાના: 4 | વર્ષ: 1 | કિંમત: ₹2 | વાર્ષિક: ₹100 | Date: 20/04/2026 | Issue No.: 16 | Page: 4 | Year: 1 | Price: ₹2 | Yearly: ₹100




## સાબરકાંઠા સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ત્રિપાંખીયો જંગ, મતદારો નું મૌન વધારશે સસ્પેન્સ

સાબરકાંઠા જિલ્લામાં યોજાનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આ વખતે અનેક બેઠકો પર ત્રિપાંખીયો જંગ જામે તેવા એંધાણ જોવા મળી રહ્યા છે. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે સીધી ટક્કર સર્જાતા ચૂંટણી રસપ્રદ બની છે. મતદારોનું મૌન અને ઉમેદવારોની દોડધામ વચ્ચે પરિણામોને લઈને ઉત્સુકતા વધી રહી છે. જિલ્લામાં આગામી તા. ૨૬ એપ્રિલે ૮ તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત તથા 3 નગરપાલિકાની પેટાચૂંટણી યોજાનાર છે. ઉમેદવારોની આખરી યાદી જાહેર થતા તમામ રાજકીય પક્ષોએ પ્રચારનો પ્રારંભ કરી દીધો છે. કાર્યકરો સાથે બેઠક, ઘરઘર સંપર્ક અને મતદારોને રીઝવવા પ્રયાસો તેજ બન્યા છે. ભાજપે આ વખતે મહિલા સશક્તિકરણ પર ભાર મૂકતા ૩૩ ટકાની જગ્યાએ ૫૦ ટકા મહિલા ઉમેદવારોને ટિકિટ આપી છે. બીજી તરફ કોંગ્રેસે પણ ખાસ કરીને હિંમતનગર નગરપાલિકાના ૧૧ વોર્ડમાં મોટા ભાગે ઉમેદવારો ઉભા રાખ્યા છે, જેમાં ૧૮ મહિલા ઉમેદવારોનો સમાવેશ થાય છે. તલોદ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા અને હિંમતનગર જેવા વિસ્તારોમાં ભાજપ-કોંગ્રેસ-આપ વચ્ચે સીધી ટક્કર જોવા મળી શકે છે.

ઘણા વિસ્તારોમાં સ્થાનિક પ્રશ્નો, આયાતી ઉમેદવારો અને ગરમીના માહોલને કારણે મતદારોમાં નારાજગી પણ જોવા મળી રહી છે, જેનું પ્રતિબિંબ મતદાનમાં જોવા મળી શકે છે. જિલ્લા પંચાયતની ૩૪ બેઠકો માટે કુલ ૯,૧૭,૦૪૭ મતદારો મતદાન કરશે. જેમાં ૪,૭૨,૫૦૮ પુરુષ મતદારો અને ૪,૪૪,૫૨૯ મહિલા મતદારોનો સમાવેશ થાય છે. ચૂંટણી માટે ૧,૨૧૦ મતદાન મથકો નક્કી કરવામાં આવ્યા છે. મતદાન પૂર્વે તમામ કેન્દ્રો પર ઈવીએમ, પોલીસ બંદોબસ્ત અને જરૂરી સ્ટાફ તૈનાત કરવામાં આવશે.

આ વખતની ચૂંટણીમાં સ્થાનિક મુદ્દાઓ, મહિલા ઉમેદવારોને મળેલ પ્રાધાન્ય અને ત્રીજા પક્ષની એન્ટ્રી પરિણામમાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે.

## સાબરકાંઠા જિલ્લામાં બાળલગ્ન અટકાવવા જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા હેલ્પ લાઇન નંબર જાહેર કરાયા....



અક્ષય તૃતીયા (અખાત્રીજ) એટલે લગ્ન માટે શ્રેષ્ઠ મુહૂર્ત માનવામાં આવે છે. આ સિવાય અન્ય દિવસોમાં યોજાનાર લગ્નોમાં કેટલાક કિસ્સામાં બાળલગ્નો થવાના બનાવો સામે આવે છે જેને લઈ જિલ્લા બાળ સુરક્ષા એકમ, સાબરકાંઠા દ્વારા આવા બાળ લગ્ન અટકાવવા ખાસ હેલ્પલાઇન નંબર જાહેર કર્યા છે બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬ મુજબ છોકરીના લગ્ન ૧૮ વર્ષ પહેલા અને છોકરાના લગ્ન ૨૧ વર્ષ પહેલા થાય એ સજાપાત્ર ગુનો છે અને સામાજિક દુષણ પણ છે. બાળલગ્નના કારણે દીકરા- દીકરીઓના આરોગ્ય પર ઘણી જ વિપરીત અસર થાય છે. તેથી બાળ-લગ્ન ન થાય તે સમાજમાં જરૂરી છે. તેથી આપના વિસ્તારમાં/ આપના ગામમાં કે આપના મહોલ્લામાં બાળ-લગ્ન ન થાય તેની તકેદારી રાખવી અને જો બાળલગ્ન થતા જોવા મળે તો આપની સામાજિક જવાબદારી સમજી આવા બાળ-લગ્ન અટકાવવા માટે સમાજ સેવાના ભાગરૂપે બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી મનીષ. કે. જોશી મો.નં. ૯૪૨૯૨૫૯૫૦૨, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી એસ. એસ. પાંડોર મો.નં. ૯૪૨૭૬૭૨૪૮૨, સુરક્ષા અધિકારી–સંસ્થાકીય સંભાળ શ્રી એમ. ડી. સોલંકી મો.નં.૯૯૦૯૮૪૧૮૯૬, સુરક્ષા અધિકારી–બિન સંસ્થાકીય સંભાળ શ્રી એન. કે પરમાર મો.નં. ૭૩૮૩૭૫૨૮૬૬, ચાઈલ્ડ લાઈન નં.૧૦૯૮, પોલીસ નં.૧૦૦, અભયમ મહિલા હેલ્પ લાઇન નં.૧૮૧ નજીકના પોલીસ સ્ટેશન અથવા હેલ્પલાઇન નંબરો પર જાણ કરવા અપીલ કરવામાં આવી છે. બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬ ની જોગવાઈઓ :- બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬ મુજબ છોકરીના લગ્ન ૧૮ વર્ષ પહેલા અને છોકરાના લગ્ન ૨૧ વર્ષ પહેલા થાય એ સજાપાત્ર ગુનો છે જેમાં બાળલગ્ન કરાવનાર સમૂહ લગ્નોના આયોજકો, સામાજિક આગેવાનો, ગોર મહારાજ, લગ્ન કરાવનાર કાજી, રસોઈયા, મંડપ ડેકોરેશન, ફોટોગ્રાફર તથા લગ્ન કરાવનાર વર અને કન્યા પક્ષના બન્ને પરિવારોને રૂા.એક લાખ સુધીનો દંડ અને બે વર્ષ સુધીની કેદ થઇ શકે છે.

### માનદ ખબરપત્રીઓની નિમણૂક કરવાની છે

સાબર રિપોર્ટર ન્યૂઝપેપર (સાપ્તાહિક) દ્વારા સાબરકાંઠા જિલ્લાના હિમતનગર, ઇડર, ખેડબ્રહ્મા, વડાલી, વિજયનગર, પ્રાંતિજ અને તલોદ તાલુકાના દરેક ગામમાં માનદ ખબરપત્રીઓની નિમણૂક કરવામાં આવશે.

રજી. સરનામું:
સાબર રિપોર્ટર ન્યૂઝપેપર (સાપ્તાહિક)
૮૯૨, મુસ્લિમ વિસ્તાર. દૂધ ડેરી નજીક, ગંભીરપુરા, તા. ઇડર, જી. સાબરકાંઠા – ૩૮૩૪૩૦

સંપર્ક:
મો. ૯૮૯૮૬૯૩૯૮૫ (વોટ્સએપ દ્વારા સંપર્ક કરો)
Email: email.badshahpathan@gmail.com

વેબસાઈટ: www.sabarreporternewspaper.in

## મુખ્યમંત્રીએ હિંમતનગરમાં ચૂંટણી કાર્યાલયનું ઉદ્ઘાટન કર્યું : ઉમેદવારો અને કાર્યકરોએ મુખ્યમંત્રીનું ઉષ્માભેર સ્વાગત કર્યું...



સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે શુક્રવારે સાબરકાંઠાના હિંમતનગર શહેરની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે નગરપાલિકાના વોર્ડ નં. ૧ ખાતે ભાજપના ઉમેદવારોના ચૂંટણી કાર્યાલયનું ઉદ્ઘાટન કર્યું હતું. મુખ્યમંત્રી બપોર બાદ તલોદ તાલુકાના રણાસણ રોડ માર્ગે હિંમતનગર પહોંચ્યા હતા. શહેરના મારૂતિ સોસાયટી નજીક સ્થાનિક કાર્યકરો અને આગેવાનો દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેઓ મહેતાપુરા વિસ્તારમાં આવેલા વોર્ડ નં. ૧ના ચૂંટણી કાર્યાલય ખાતે પહોંચ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ભાજપના ઉમેદવાર ગોપાલસિંહ રાઠોડ, જિલ્લા સંગઠન પ્રભારી બ્રિજરાજસિંહ ઝાલા, ધારાસભ્ય રમણ વોરા, વી.ડી. ઝાલા, મહામંત્રી પ્રેમલ દેસાઈ, બિપીન ઓઝા સહિત અનેક આગેવાનો અને કાર્યકરો હાજર રહ્યા હતા. કાર્યાલયનું ઉદ્ઘાટન કર્યા બાદ મુખ્યમંત્રીએ પૂર્વનિર્ધારિત કાર્યક્રમ મુજબ પ્રબુદ્ધ નાગરિકો અને વિવિધ સંગઠનોના પ્રતિનિધિઓ સાથે સંવાદ કર્યો હતો. ટૂંકી મુલાકાત દરમિયાન તેમણે કાર્યકરોને જિલ્લામાં વધુ મતોથી જીત સુનિશ્ચિત કરવા માટે મતદારો સાથે સતત સંપર્કમાં રહેવાની અપીલ કરી હતી.

******************************************************************************************************

# સુખડ ગામે રસ્તા મુદ્દે બે પક્ષોમાં મારામારી, સામસામી ફરીયાદ નોંધાઈ પ્રાંતિજ પોલીસએ બંને પક્ષ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી....




પ્રાંતિજ તાલુકાના સુખડ ગામે ચાર દિવસ અગાઉ રસ્તા બાબતે બે પક્ષો વચ્ચે થયેલા ઝઘડામાં બે જણાને ઈજા થઈ હોવાના આક્ષેપ સાથેની ફરીયાદ ગુરૂવારે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.આ અંગે સુખડ ગામે રહેતા યોગેશસિંહ કાળુસિંહ ડાભીએ નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ ગત તા.૧૫ એપ્રિલના રોજ ગામના જ અજયસિંહ હિંમતસિંહ રાઠોડ, કાજલબેન રાઠોડ, વિજયસિંહ રાઠોડ અને નિલમબેન રાઠોડે એકસંપ થઈ આવી યોગેશસિંહ ડાભીને ગાળો બોલવાનું શરૂ કર્યું હતું. જેથી યોગેશસિંહએ ગાળો બોલવાની ના પાડતાં આ ચારેય જણાએ ઉશ્કેરાઈ જઈ યોગેશસિંહ તથા શિલ્પાબેન સાથે ઝઘડો કરી ઝપાઝપી કર્યા બાદ ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાના આક્ષેપ સાથે યોગેશસિંહએ ચારેય વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.તો સામે પક્ષે કાજલબેન રાઠોડે નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ ગત તા.૧૫ એપ્રિલના રોજ કુટુંબી ભાઈઓને જમીનના રસ્તા બાબતે થયેલા મનદુઃખને કારણે ઝઘડો થયો હતો ત્યારબાદ યોગેશસિંહ ડાભી, કાળાજી કાંહ્યાજી ડાભી, પોપટજી ડાભી અને ભરતજી ડાભીએ પણ એકસંપ થઈ આવી ઝઘડો કરી લાકડીની મદદથી કાજલબેન રાઠોડના પતિ અજયસિંહ રાઠોડ તથા નિલમબેન પર હુમલો કરી ઈજા પહોંચાડી ગડદાપાટુનો માર માર્યો હતો તથા આ ચારેય જણાએ એકસંપ થઈ જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાના આક્ષેપ સાથે કાજલબેને પણ ચાર જણા વિરૂધ્ધ સામી ફરીયાદ નોંધાવી હતી. જેથી પોલીસે બંને પક્ષોની ફરીયાદને આધારે ગુનો નોંધી ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.

# પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનાર સાબરકાંઠા ના ૬ કાર્યકરોને ભાજપે નોટીસ ફટકારી

સાબરકાંઠામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને લઈને મુખ્યત્વે ભાજપના કાર્યકરોમાં ટિકિટના મુદ્દે ક્યાંક ખુશી તો ક્યાંક ગમ જેવો માહોલ ઉભો થયો છે. ઉમેદવારોનું આખરી ચિત્ર સ્પષ્ટ થયા બાદ સાબરકાંઠા જિલ્લા ભાજપ દ્વારા પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનાર ૬ કાર્યકરોને પ્રદેશ ભાજપના આદેશ બાદ નોટીસ આપી ખુલાસો કરવા માટે તાકીદ કરવામાં આવી છે.આ અંગે જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલે શુક્રવારે વાતચીતમાં જણાવ્યું હતું કે જિલ્લામાં સ્થાનિક સ્વરાજની યોજાઈ રહેલી ચૂંટણી દરમિયાન કેટલાક મુદ્દે પક્ષના કાર્યકરોએ નારાજગી દર્શાવીને ગમે તે મુદ્દે વિરોધ દર્શાવ્યો હોવાની માહિતી જિલ્લાના સંગઠનને મળી હતી. ત્યારબાદ આ માહિતીની પુષ્ટિ કરાયા બાદ તેમની હરકતોને ધ્યાનમાં રાખી તરત જ પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરવા બદલ તાજેતરમાં નોટીસ પાઠવવામાં આવી છે.જોકે હાલના તબક્કે કયા કાર્યકરોને નોટીસ અપાઈ છે તે મુદ્દે પ્રમુખે થોભો અને રાહ જુઓ એમ કહીને પ્રદેશની સૂચના બાદ આગળની કાર્યવાહી થશે તેમ જણાવ્યું હતું.બીજી તરફ ચૂંટણીના સમયગાળા દરમિયાન ભાજપના કાર્યકરોની હિલચાલ પર નજર રાખવામાં આવી રહી છે અને જો તેમાં કોઈ કાર્યકર પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરતો હશે તો તેની સામે પણ પક્ષ દ્વારા પગલાં લેવામાં આવશે.હાલ તો ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થઈ ગયા બાદ પ્રદેશ અને જિલ્લા સંગઠનના પદાધિકારીઓ સાથે બેઠકમાં ચર્ચા કરાયા બાદ જરૂર પડે કાર્યવાહી કરવામાં આવશે.

# હિંમતનગરમાં પીએમ શ્રી કેન્દ્રીય વિદ્યાલય અન્ડર-14 ભાઈઓની ફૂટબોલ સ્પર્ધા પ્રારંભ







હિંમતનગર ખાતે આવેલ પીએમ શ્રી કેન્દ્રીય વિદ્યાલયમાં આજથી અન્ડર-14 ભાઈઓની બે દિવસીય ફૂટબોલ સ્પર્ધાનો ઉદ્ઘાટન સમારોહ સાથે પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ સ્પર્ધાનું આયોજન કેન્દ્રીય વિદ્યાલય સંગઠન અમદાવાદ વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે. સ્પર્ધામાં અમદાવાદ વિભાગની કુલ સાત ટીમોના 98 ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. ઉદ્ઘાટન સમારોહ દરમિયાન મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ ખેલાડીઓને પ્રેરણાદાયક સંબોધન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ ફ્લેગ ઓફ કરીને સ્પર્ધાનો સત્તાવાર શુભારંભ કરવામાં આવ્યો હતો. આજે સ્પર્ધાની લીગ મેચો યોજાઈ રહી છે, જ્યારે આવતીકાલે સેમીફાઈનલ અને ફાઈનલ મેચ રમાશે. સ્પર્ધામાં જુનાગઢ, સામના, હિંમતનગર, ગાંધીનગર કેન્ટ, અમદાવાદ કેન્ટ અને વડોદરા સહિતની ટીમો ભાગ લઈ રહી છે. ટીમોને એ અને બી પુલમાં વહેંચીને મેચો રમાડવામાં આવી રહી છે. આ પ્રસંગે પીએમ શ્રી કેન્દ્રીય વિદ્યાલય હિંમતનગરના પ્રિન્સિપાલ મહેન્દ્રપ્રસાદ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, ફૂટબોલ રમત ખેલાડીઓમાં નેતૃત્વ, ટીમવર્ક અને ખેલભાવના વિકસાવે છે. આ સ્પર્ધામાં વિજેતા બનેલી ટીમ નેશનલ લેવલે ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.

# સાબરકાંઠા સ્થાનિક ચૂંટણીમાં ફરી ભગવો લહેરાવાનો ભાજપનો પ્રચંડ દાવો




સાબરકાંઠા જિલ્લામાં યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ગત ટર્મની જેમ આ વખતે પણ ભાજપ બહુમતી મેળવીને સત્તા હાંસલ કરશે તેવો દાવો ગુરૂવારે સ્થાનિક ધારાસભ્ય તથા સંગઠનના પ્રમુખ અને મહામંત્રીએ કર્યો છે. જોકે હજુ તો ઉમેદવારોએ મતદારોનો સંપર્ક કરવાનું શરૂ કર્યું છે.આ અંગે જિલ્લા ભાજપના પ્રમુખ કનુભાઈ પટેલ, ધારાસભ્ય વી.ડી. ઝાલા, મહામંત્રી બીપીન ઓઝા અને પ્રેમલ દેસાઈએ ગુરૂવારે પ્રેસ વાર્તામાં દાવો કરતાં જણાવ્યું હતું કે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ત્રણ નગરપાલિકામાં ભાજપના ઉમેદવારોને મતદારો પસંદ કરીને સત્તા સોંપશે.બીજી તરફ ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા મતદારો ઉનાળાની ગરમી તથા અન્ય કારણોને લીધે હાલના તબક્કે ચૂંટણીની પરોજણમાં પડ્યા નથી.મતદાનની તારીખ જેમ જેમ નજીક આવશે તેમ તેમ સાબરકાંઠામાં ચૂંટણીનો માહોલ ગરમાશે. હાલ તો ઉમેદવારો મતદાર યાદીને ધ્યાનમાં રાખીને તેમના વિસ્તારના અગ્રણીઓનો સંપર્ક કરીને પ્રાથમિક માહિતી એકઠી કરવા માંડ્યા છે. ત્યારબાદ ઉમેદવાર અને ટેકેદારો તેમનો સંપર્ક કરીને મતદારોને રૂબરૂ મળી મત આપવા અપીલ કરશે

## સાબરકાંઠામાં ભાજપનો બહુમતીનો દાવો,ચૂંટણી માહોલ ધીમે ધીમે ગરમાશે

## ઉમેદવારો મતદારોનો સંપર્ક શરૂ,મતદાન નજીક આવતાં રાજકીય ચહલપહલ

Owner, Publisher, Editor & Printer : Badshahkhan Ajabkhan Pathan 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka: Idar, District: Sabarkantha, Gujarat – 383430. Name & Address of Printing Press Print Magic Graphics Milkat No. 2567, Gambhirpura, Taluka: Idar, District: Sabarkantha, Gujarat 383430. Place of Publication 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka: Idar, District: Sabarkantha, Gujarat – 383430.
*******************************************************************************************

# હાથરોલ ગામે કરૂણાંતિક ,માછીમારી કરવા ગયેલા 25 વર્ષીય યુવાનનું તળાવમાં ડૂબી જવાથી મોત



સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના હાથરોલ ગામેથી એક અત્યંત કરૂણ ઘટના સામે આવી છે. ગામના તળાવમાં માછીમારી કરવા ગયેલા ચાર મિત્રો પૈકી એક યુવાનનું પાણીમાં ડૂબી જવાથી કરૂણ મોત નિપજ્યું છે. આ ઘટનામાં સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, બનાવ બન્યાના બીજા દિવસે મિત્રો દ્વારા પરિવારને જાણ કરવામાં આવી હતી, જેને પગલે અનેક સવાલો પણ ઉભા થઈ રહ્યા છે.મળતી માહિતી મુજબ, હાથરોલ ગામનો 25 વર્ષીય યુવાન અમ્રતભાઈ પોપટભાઈ મકવાણા તેના અન્ય ત્રણ મિત્રો સાથે ગામના તળાવમાં માછીમારી કરવા માટે ગયો હતો. માછીમારી કરતી વખતે અચાનક અમ્રતભાઈ ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. જોકે, તેમની સાથે રહેલા મિત્રોએ તાત્કાલિક કોઈને જાણ કરવાને બદલે બીજા દિવસે પરિવારને આ અંગે વાકેફ કર્યા હતા. બનાવની જાણ થતા જ હિંમતનગર ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર વિભાગના જવાનોએ ભારે જહેમત બાદ બપોરે અઢી વાગ્યાની આસપાસ યુવાનની લાશને તળાવમાંથી બહાર કાઢી હતી.

બીજી તરફ, ગાંભોઈ પોલીસનો કાફલો પણ તળાવ કિનારે દોડી આવ્યો હતો અને અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. માત્ર 25 વર્ષની વયે અમ્રતભાઈનું મોત નિપજતા મકવાણા પરિવાર પર આભ ફાટી પડ્યું છે. પોલીસે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે રૂપાલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો છે. મિત્રોએ ઘટનાના બીજા દિવસે કેમ જાણ કરી અને તળાવમાં ખરેખર શું બન્યું હતું, તે દિશામાં ગાંભોઈ પોલીસે ઝીણવટભરી તપાસ શરૂ કરી છે. આ ઘટનાને પગલે હાથરોલ ગામમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.

# ગૅસ માટે ગ્રાહકોના ધક્કા! હિંમતનગરના ઈલોલ ગામે એજન્સી સંચાલકો સામે લોકોનો હોબાળો..




સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ઈલોલ ગામમાં આવેલી ઈન્ડિયન ગૅસ એજન્સી આજે સવારે જાણે રણમેદાનમાં ફેરવાઈ ગઈ હતી. એજન્સીમાં ચાલતી લાલિયાવાડી અને સંચાલકોની મનસ્વી નીતિથી કંટાળેલા ગ્રાહકોએ મોટી સંખ્યામાં એકઠા થઈને હોબાળો મચાવ્યો હતો. છેલ્લા ઘણા સમયથી ગૅસ સિલિન્ડર માટે વલખાં મારી રહેલા લોકોની ધીરજ આજે ખૂટી પડી હતી. સ્થાનિક લોકો અને આજુબાજુના ગામોમાંથી આવેલા ગ્રાહકોનું કહેવું છે કે તેમણે લાંબા સમયથી ગેસ સિલિન્ડરનું ઓનલાઇન કે ઓફલાઇન બુકિંગ કરાવેલું છે. નિયમ મુજબ સમયસર વિતરણ થવું જોઈએ, પરંતુ જ્યારે ગ્રાહકો એજન્સી પર પૂછપરછ કરવા જાય છે, ત્યારે તેમને માત્ર "ધક્કે ચડાવવામાં" આવે છે. ગ્રાહકોએ આક્ષેપ કર્યો હતો કે સંચાલકો દ્વારા "ગાડી આવી નથી" અથવા "સ્ટોક ખાલી છે" જેવા બહાના કાઢીને તેમને પરત મોકલી દેવામાં આવે છે. ઈલોલ ગામની આ એજન્સી હેઠળ માત્ર સ્થાનિક જ નહીં, પરંતુ આસપાસના ગ્રામ્ય વિસ્તારોના અનેક કનેક્શનો આવેલા છે. અંતરિયાળ વિસ્તારોમાંથી ભાડું ખર્ચીને આવતા ગ્રાહકોને જ્યારે ખાલી હાથે પરત જવું પડે છે, ત્યારે તેમની આર્થિક અને માનસિક સ્થિતિ કફોડી બને છે. ગૃહિણીઓમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે કારણ કે સમયસર ગેસ ન મળતા રસોઈ બનાવવામાં મુશ્કેલી પડી રહી છે. સવારે જ્યારે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા ત્યારે એજન્સી પર વાતાવરણ તંગ બની ગયું હતું. લોકોની એક જ માગ છે કે બુકિંગ પ્રમાણે પારદર્શક રીતે ગેસ વિતરણ કરવામાં આવે અને ગ્રાહકોને ખોટા ધક્કા ખવડાવવાનું બંધ કરવામાં આવે. જો આગામી દિવસોમાં આ સમસ્યાનું કાયમી નિરાકરણ નહીં આવે, તો ઉગ્ર આંદોલન કરવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

# અમદાવાદ-મહેસાણા વચ્ચે 8-લેન સુપરફાસ્ટ હાઈવેની જાહેરાત મુખ્યમંત્રીએ આપી વિકાસને નવી ગતિ, મુસાફરી થશે ઝડપી અને સુલભ




મહેસાણા (Mehsana) જિલ્લાના લિંચ (Linch) ખાતે આયોજિત 'વિકાસ સંકલ્પ યાત્રા' (Vikas Sankalp Yatra) માં મુખ્યમંત્રી (Chief Minister) ભૂપેન્દ્રભાઇ પટેલે હાજરી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે કડી (Kadi) ખાતેથી ખૂબ જ સારી શરૂઆત થઈ છે, જ્યાં 28 જેટલા ઉમેદવારો બિનહરીફ જાહેર થયા છે. તેમણે ઉમેર્યું કે ચૂંટણીમાં હંમેશા કામોનો હિસાબ આપવો પડે છે અને ભાજપે હંમેશા વિકાસના નક્કર કામો જનતા સમક્ષ મૂક્યા છે. મુખ્યમંત્રીએ ભૂતકાળને યાદ કરતા કહ્યું કે એક સમયે ઉત્તર ગુજરાત (North Gujarat) પાણીની ગંભીર સમસ્યાનો સામનો કરતું હતું, પરંતુ આજે નહેર (Canal) દ્વારા આ વિસ્તાર પાણીથી સમૃદ્ધ થયો છે. રાજ્ય સરકાર હવે 4 લાખ કરોડના બજેટ સાથે આગળ વધી રહી છે. વિકાસના વિઝન અંગે તેમણે કહ્યું કે, 'અમદાવાદ-મહેસાણા હાઈવે (Ahmedabad-Mehsana Highway) ને 8-લેન બનાવવાની મંજૂરી આપી દેવામાં આવી છે, જે ગુજરાતનો સૌથી મોટો હાઈવે હશે.' ખેડૂતો (Farmers) ના હિતની વાત કરતા CMએ જણાવ્યું કે આજે અનેક યોજનાઓ ફોનના ટેરવે ઉપલબ્ધ છે. સરકારે દરેક ધારાસભ્યને ભૂગર્ભ જળસ્તર (Underground Water Level) સુધારવા માટે ખાસ ગ્રાન્ટ ફાળવી છે. આ ઉપરાંત, પ્રજાના સ્વાસ્થ્યની ચિંતા કરતા આયુષ્માન કાર્ડ (Ayushman Card) ની મર્યાદા વધારીને 10 લાખ કરવામાં આવી છે. રોજગારી માટે વાઈબ્રન્ટ ગુજરાત (Vibrant Gujarat) દ્વારા પ્રયાસો થઈ રહ્યા છે, જેમાં વિશ્વની 500 મોટી કંપનીઓમાંથી 100 કંપનીઓ આજે ગુજરાતમાં કાર્યરત છે. આ પ્રસંગે પૂર્વ નાયબ મુખ્યમંત્રી (Former Dy CM) નીતિન પટેલે (Nitin Patel) સભા સ્થળેથી આક્રમક નિવેદન આપ્યું હતું. તેમણે કાર્યકરોને આહવાન કર્યું હતું કે અત્યારે ઉત્સવ મનાવવાનો સમય નથી, પરંતુ ભારત વિરોધી અને ગુજરાત વિરોધી તત્વોનો સફાયો ન થાય ત્યાં સુધી લડત ચાલુ રાખવાની છે. તેમણે તમામ નાના-મોટા મતભેદો ભૂલીને કમર કસવા અને ભાજપના 100 ટકા ઉમેદવારોને જીતાડવા અપીલ કરી હતી

****************************************************************************************************

# વડાલીમાં ડ્રોનથી ગાંજાનું વાવેતર ઝડપાયું, રૂ.20 લાખનો જથ્થો જપ્ત...





સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાના કેશરપુરા ગામની સીમમાં ગાંજાનું ગેરકાયદેસર વાવેતર પકડાયું છે. ગુરુવારે વડાલી પોલીસે ડ્રોનની મદદથી કાર્યવાહી કરીને અંદાજે રૂ.20 લાખનો ગાંજો જપ્ત કર્યો અને એક આરોપીની ધરપકડ કરી. મળતી માહિતી મુજબ, પોલીસે બાતમીના આધારે ડ્રોન કેમેરાથી ખેતરની તપાસ કરી હતી. ડ્રોન ફૂટેજમાં શંકાસ્પદ છોડ દેખાતા પોલીસે તાત્કાલિક દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન ખેતરમાંથી કુલ 68 ગાંજાના છોડ મળી આવ્યા.

પોલીસના જણાવ્યા મુજબ, જપ્ત કરાયેલા લીલા ગાંજાનું વજન અંદાજે 40 કિલો 200 ગ્રામ હતું, જેની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત અંદાજે રૂ.20.10 લાખ ગણવામાં આવી છે. આ કેસમાં મનજી રામજીભાઈ ડુંડ (ઉંમર 47 વર્ષ)ની ધરપકડ કરવામાં આવી છે.

પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ આર્થિક લાભ માટે અને વેચાણના ઈરાદે ગેરકાયદેસર ખેતી કરી હોવાનું સામે આવ્યું છે.પોલીસે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી રૂ.3 હજારનો મોબાઇલ સહિત કુલ રૂ.20.10 લાખનો મુદ્દામાલ કબ્જે લીધો છે.

# હિંમતનગર બસ સ્ટેન્ડ નજીક પોકસોના ગુનામાં ફરાર આરોપી ઝડપાયો



હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનની હદમાં આવેલ બસ સ્ટેન્ડ નજીકથી પોલીસે બાતમીને આધારે બુધવારે પોક્સોના ગુનામાં દોઢ વર્ષથી નાસતા ફરતા શખ્સને ઝડપી લઈ વધુ તપાસ માટે એ-ડીવીઝન પોલીસને હવાલે કરાયો હતો.આ અંગે બી-ડીવીઝનના પીએસઆઈ આર.એલ.દેસાઈ તથા સ્ટાફના જણાવાયા મુજબ બુધવારે તેમને એવી બાતમી મળી હતી કે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં પોકસોના ગુનામાં નોંધાયેલી ફરીયાદ મુજબ રાણાદાર વિન્દ્રનાથ પ્રસાદ (રહે.માટીગડા, જિ.દાર્જીલીંગ) હિંમતનગર બસ સ્ટેન્ડ નજીક ઉભો હતો જે બાતમીને આધારે બી-ડીવીઝન પોલીસે બસ સ્ટેન્ડ પાસે જઈને પુછપરછ કરી તેની અટકાયત કરી હતી ત્યારબાદ વધુ તપાસ માટે તેને એ-ડીવીઝન પોલીસને હવાલે કરાયો હતો.

## દોઢ વર્ષથી ફરાર પોકસો આરોપી હિંમતનગર નજીકથી પકડ્યો વધુ તપાસ માટે એ-ડીવીઝન પોલીસને સોંપાયો....

# મોતીપુરા-સહકારી જીન રોડ પર ટક્કર મારી ફરાર, રાહદારીનું મોત



એ-ડીવીઝન પોલીસ સ્ટેશનની હદમાં આવેલા મોતીપુરાથી સહકારી જીન જતા નેશનલ હાઈવે પર બનેલી ટક્કર મારી ફરાર ઘટનામાં એક રાહદારીનું મોત નિપજ્યું છે. બેદરકારી અને પૂરઝડપે દોડાવવામાં આવેલ ફોર વ્હીલરના ચાલકે રોડ ક્રોસ કરી રહેલા વ્યક્તિને અડફેટે લેતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો.આ અંગે મળતી માહિતી મુજબ હિંમતનગર તાલુકાના હાપા ગામના માઢ ફળીયામાં રહેતા દિવાનસિંહ નટવરસિંહ પરમારે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ તા. 13 એપ્રિલના રોજ સાંજના સુમારે મોતીપુરાથી સહકારી જીન જતા માર્ગ પર વાહન નં. DL-1NA-4121ના ચાલકે ગફલતભરી રીતે વાહન હંકારી રોડ ક્રોસ કરી રહેલા નટવરસિંહ ઉદેસિંહ પરમારને જોરદાર ટક્કર મારી હતી.અકસ્મતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા નટવરસિંહ પરમારને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમ્યાન તેમનું મોત નિપજ્યું હતું. અકસ્માત બાદ વાહનચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ઘટનાને લઈ દિવાનસિંહ પરમારે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી

# હાથમતી ઓવરબ્રિજ રંગરૂપે તૈયાર-ચૂંટણી બાદ લોકાર્પણની દિશા અંતિમ તબક્કો..



હિંમતનગરના હાથમતી વિયર પર બની રહેલા ઓવરબ્રિજનું કલર કામ શરૂ થતાં સમગ્ર પ્રોજેક્ટ હવે અંતિમ તબક્કામાં પ્રવેશી ગયો છે અને શહેરની શોભામાં નોંધપાત્ર વધારો થવાની આશા વ્યક્ત થઈ રહી છે. અંદાજે રૂ.૨૨ કરોડના ખર્ચે નિર્માણ પામેલો આ મહત્વપૂર્ણ ઓવરબ્રિજ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્ણ થયા બાદ લોકાર્પણ થવાની શક્યતા છે. હિંમતનગર, ખેડ તસિયા અને ઇડર સ્ટેટ હાઈવેને સીધું જોડાણ આપતો આ ઓવરબ્રિજ ટ્રાફિક વ્યવસ્થામાં રાહત લાવશે અને શહેર તથા ગ્રામ્ય વિસ્તારો વચ્ચે અવરજવર વધુ ઝડપી અને સરળ બનશે. ૨૧૦ મીટર લાંબા અને ફૂટપાથ સહિત ૧૬ મીટર પહોળા આ બ્રિજનું મોટાભાગનું કામ પૂર્ણ થઈ ગયું છે.

હાલમાં બ્રિજ નીચે માટીનું લેવલિંગ કામ ચાલી રહ્યું છે, જ્યારે વીજ પોલ માટેનું વાયરિંગ અને ફૂટપાથ પર બ્લોક લગાવવાની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. બ્રિજની બંને બાજુ પેરાફિટ પર કલરિંગ કામ શરૂ થતાં સમગ્ર બંધારણ આકર્ષક દેખાવ પામતું જઈ રહ્યું છે.બંને તરફના એપ્રોચ રોડ પણ તૈયાર થઈ ગયા હોવાથી હવે માત્ર અંતિમ ફિનિશિંગ કામગીરી બાકી છે.

ચૂંટણી બાદ આ ઓવરબ્રિજ જનતા માટે ખુલ્લો મુકાતા હિંમતનગર શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોના લોકો માટે પરિવહન વધુ સુલભ બનશે અને લાંબા સમયથી રહેલી જરૂરિયાત પૂર્ણ થશે.

# સરકારી માધ્યમિક શાળા,દંત્રાલ ખાતે ‘મતદાર જાગૃતિ અભિયાન’ અંતર્ગત પ્રભાત ફેરી અને ક્વિઝ સ્પર્ધાનું આયોજન



સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણી ૨૦૨૬ને અનુલક્ષીને નાગરિકોમાં મતદાન પ્રત્યે જાગૃતિ આવે અને લોકશાહીના પર્વમાં સૌ સહભાગી બને તેવા ઉમદા હેતુથી સાબરકાંઠા જિલ્લામાં પોશીના તાલુકાની સરકારી માધ્યમિક શાળા, દંત્રાલ ખાતે ‘મતદાર જાગૃતિ અભિયાન’ (SVEEP) અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. મતદાન એ આપણો અધિકાર’ કાર્યક્રમના પ્રારંભમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પ્રભાત ફેરી યોજવામાં આવી જેમાં વિદ્યાર્થીઓએ "ચૂંટણી કાર્ડ સાથે રાખીએ, સાચું મતદાન કરીએ", "જાગૃત નાગરિકની એક જ ઓળખ, અચૂક મતદાન" જેવા સૂત્રોચ્ચાર કરીને ગ્રામજનોને મતદાનનું મહત્વ સમજાવ્યું હતું. પ્રભાત ફેરી બાદ શાળામાં ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ભારતીય બંધારણ, ચૂંટણી પ્રક્રિયા, ઈવીએમ (EVM) મશીનનો ઉપયોગ અને લોકશાહીમાં મતદારની ભૂમિકા જેવા વિષયો પર પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને પોતાની બૌદ્ધિક ક્ષમતાનું પ્રદર્શન કર્યું હતું.

*****************************************************************************************